| GJSN170003552026 | | | | |
|---|---|---|---|---|
| દાખલ થયા તારીખ | ૧૦/૦૪/૨૦૨૬ | | | |
| રજી.લીધા તારીખ | ૧૦/૦૪/૨૦૨૬ | | | |
| ફેસલ કર્યા તારીખ | ૦૪/૦૭/૨૦૨૬ | | | |
| સમય મર્યાદા | વર્ષ | માસ | દિવસ | |
| | ૦૦ | ૦૨ | ૨૫ | |

સત્યમેવ જયતે

**થાનગઢના મહે.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મું. થાનગઢ.**

**ફોજદારી કેસ નં.૨૬૨/૨૦૨૬**

**આંક–૧૫**

**<u>ફરિયાદી:–</u>** શ્રી સ ર કા ર

**–– વિરૂધ્ધ––**

**<u>આરોપી:–</u>** **યુવરાજસિંહ જીલુભા વાળા, ઉ.વ.૩૬**

રહે. સોનગઢ, તા.થાનગઢ, જિ. સુરેન્દ્રનગર

==================================================

**ગુન્હો:–બી.એન.એસ. કલમ–૨૮૧, ૧૨૫(એ)(બી) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭,૧૮૪** મુજબ

==================================================

ફરિયાદપક્ષ તરફે : વિ.એ.પી.પી.શ્રી એસ.જે. ચૌહાણ

આરોપી પક્ષ તરફે : વિ.વકીલ શ્રી ડી.સી.ચાવડા

==================================================

**<u>–:: ચૂકાદો ::–</u>**

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૮/૦૩/૨૦૨૫ના રોજ બપોરના આશરે બારેક વાગ્યાના અરસામાં આ કામના આરોપીએ સાહેદ ગોરધનભાઇ તથા રાજલબેન નાઓના મો.સા. રજી. નંબર GJ-13-BH-9452 વાળામાં થાનગઢથી સોનગઢ ગામે આવતા હતા તે દરમ્યાન કાનપર ગામના બોર્ડ પાસે રોડ ઉપર આ કામના આરોપીએ પોતાના કબજા હવાલા વાળી બોલેરો પીકઅપ ગાડી રજી. નંબર

GJ-13-CE-6969 વાળી પુરઝડપે અને ગફલતભરી રીતે પોતાની તથા બીજાની જિંદગી જોખમાય તે રીતે ચલાવી સાહેદ ગોરધનભાઇના મો.સા. રજી. નંબર GJ-13-BH-9452 સાથે અકસ્માત કરી સાહેદ ગોરધનભાઇ તથા રાજલબેનને શરીરે ગંભીર તથા નાની મોટી ઈજા કરી **બી.એન.એસ. કલમ–૨૮૧, ૧૨૫(એ)(બી) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪** મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કર્યા અંગેની ફરિયાદ, ફરિયાદીએ થાનગઢ પો.સ્ટે.માં નોંધાવતા પો.સ્ટે.ના અધિકારીએ ફરિયાદીની ફરિયાદ ગુના રજીસ્ટર નં.૧૧૨૧૧૦૫૦૨૫૦૧૮૮/૨૦૨૫ થી નોંધી ગુન્હાની આગળની તપાસ, તપાસ અધિકારીએ કરતા આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોઇ આ અદાલત સમક્ષ ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે.

(૨) આ કામમાં આરોપી અદાલત સમક્ષ હાજર થતા તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ અન્વયે વિના મુલ્યે આપ્યા બાદ આંક–૦૩ થી આરોપીનું નિવેદન લેતા આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરેલ. જેથી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરિયાદ પક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ કરેલા છે. ફરિયાદપક્ષે નીચે મુજબના સાહેદો તપાસેલા છે.

**–: મૌખિક પુરાવા:–**

| અનુ. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૪ | ફરિયાદી માયાબેન ગોરધનભાઇ ચાવડાની જુબાની |
| ૨ | ૦૬ | સાહેદ ગોરધનભાઇ ગાંડુભાઇ ચાવડાની જુબાની |
| ૩ | ૦૭ | સાહેદ રાજલબેન ગોરધનભાઇ ચાવડાની જુબાની |

(૪) ફરિયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે.

**-: દસ્તાવેજી પુરાવા:-**

| અનુ. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૫ | ફરિયાદ |
| ૨ | ૦૮ | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ૩ | ૦૯ | આરોપીની અટક અંગેનું પંચનામું |
| ૪ | ૧૦ થી ૧૩ | મેડીકલ સર્ટીફીકેટો |

(૫) આ સિવાય ફરિયાદપક્ષે બીજો કોઇ પુરાવો રજૂ કરેલ નથી અને ફરિયાદપક્ષ તરફે **આંક-૧૪ થી** પોતાના તરફેનો પુરાવો પુરો થયા અંગેની કલોઝીંગ પુરસીસ રજૂ કરતા પડેલ પુરાવો ધ્યાને લેતા આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ-૩૫૭ ની જોગવાઇ અન્વયે વિશેષ જવાબ નોંધવા લાયક પુરાવો ન જણાતા નોંધવામાં આવેલ નથી.

(૬) આ કેસની આખરી દલીલના તબકકે ફરીયાદીશ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપી તરફે વિ. વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળેલ છે. જે પુરાવાનાં મુલ્યાંકન વખતે ધ્યાને લેવામાં આવેલ છે.

(૭) આ કેસના આખરી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દાઓ ::**

**૧.** શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૧૮/૦૩/૨૦૨૫ના રોજ બપોરના આશરે બારેક વાગ્યાના અરસામાં આ કામના આરોપીએ સાહેદ ગોરધનભાઇ તથા રાજલબેન નાઓના મો.સા. રજી. નંબર GJ-13-BH-9452 વાળામાં થાનગઢથી સોનગઢ ગામે આવતા હતા તે દરમ્યાન કાનપર ગામના બોર્ડ પાસે રોડ ઉપર આ કામના આરોપીએ પોતાના કબજા હવાલા વાળી બોલેરો પીકઅપ ગાડી રજી. નંબર GJ-13-CE-6969 વાળી પુરઝડપે અને ગફલતભરી રીતે પોતાની તથા બીજાની જિંદગી

જોખમાય તે રીતે ચલાવી સાહેદ ગોરધનભાઇના મો.સા. રજી. નંબર GJ-13-BH-9452 સાથે અકસ્માત કરી સાહેદ ગોરધનભાઈ તથા રાજલબેનને શરીરે ગંભીર તથા નાની મોટી ઈજા કરી **બી.એન.એસ. કલમ–૨૮૧, ૧૨૫(એ)(બી) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪** મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**૨.** શું આખરી હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

**–:: નિર્ણયો ::–**

**૧.** નકારમાં

**૨.** આખરી હુકમ મુજબ

**–:: કારણો ::–**

(૯) ઉપરોકત કારણો અંગેની કાનુની ચર્ચા કરતા પહેલા ફરીયાદ પક્ષે રેકર્ડ ઉપર આવેલ મૌખિક પુરાવાનું મુખ્ય સારાંશ નોંધવુ આવશ્યક જણાઈ આવે છે. જે નીચે મુજબ છે.

**મુદ્દા નંબર–૧**

(૯.૧) આ કામે ફરિયાદપક્ષે કેસની હકીકત સાબિત કરવા માટે **ફરિયાદી માયાબેન ગોરધનભાઈ ચાવડાને આંક–૦૪ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ પુરાવો આપતા જણાવે છે કે, બનાવ આજથી એક વર્ષ અગાઉ બનેલ. બનાવના દિવસે હું કારખાને કામે ગયેલ હતી અને મારા પતિ ગોરધનભાઈ મારી દીકરી રાજલને તાવ આવતો હોય મો.સા. લઈને થાનગઢ દવાખાને લઈ ગયેલા. તે વખતે હું કારખાને હતી તે વખતે સવા બાર વાગ્યે અમારા ગામના જગાભાઈ આવેલા અને કહેલ કે કાનપર ચોકડી પાસે તમારા પતિ તથા દીકરી રાજલનો અકસ્માત થયેલ છે. તેથી હું તથા જગાભાઈ કાનપર ચોકડી ગયેલા અને જોતા મારા પતિને માથામાં પાછળના ભાગે તથા શરીરના અન્ય ભાગે વાગેલ જ્યારે રાજલને કપાળ, મોઢાના ભાગે, પગના ભાગે તથા શરીરના

અન્ય ભાગે ઈજા થયેલ હોય ૧૦૮ મારફતે થાનગઢ સરકારી દવાખાને અને ત્યાંથી વધુ સારવાર માટે સી.યુ.શાહ હોસ્પિટલ સુરેન્દ્રનગર લઇ ગયેલા જ્યાં મારી દીકરીને માથાના ભાગે તથા ઢીંચણના નીચેના ભાગે ફ્રેક્ચર તથા મારા પતિને ગાદીના ભાગે ફ્રેક્ચર તથા માથાના પાછળના ભાગે ઈજા થયેલ. જેથી મેં આ અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ મેં ફરીયાદ નોધાવેલી. મને એક અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં મારા અંગુઠાનુ નિશાન છે જેને રજુ **દા.આંક-૦૫** આપવામા આવે છે. આ અકસ્માત કરનાર વાહન કયું હતુ તથા તેનો નંબર શું હતો તેની મને ખબર નથી. આ ફરીયાદીને વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા જાહેર કરી અદાલતની પરવાનગીથી ઉલટ તપાસ કરેલ છે તેમ છતાં સાહેદે ફરીયાદ હકીકતને સમર્થન આપેલ નથી. **સદર ફરિયાદીની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે.** જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવ મેં નજરે જોયેલ ન હોય બનાવ કોની બેદરકારીના કારણે બનેલ તે હું કહી શકું નહી. એ વાત ખરી છે કે, અકસ્માત કરનાર વાહન કયું હતુ અને તેનો નંબર શું હતો તેની મને ખબર નથી.

<u>(૯.૨)</u>આ કામે ફરિયાદપક્ષે કેસની હકીકત સાબિત કરવા માટે **સાહેદ ગોરધનભાઈ ગાંડુભાઈ ચાવડાને આંક-૦૬ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ પુરાવો આપતા જણાવે છે કે, બનાવ આજથી એક વર્ષ અગાઉ બનેલ. બનાવના દિવસે મારી દીકરી રાજલને તાવ આવતો હોય હું મો.સા.લઈ મારી દીકરીને થાનગઢ સરકારી હોસ્પિટલ લઈ ગયેલ અને ત્યાંથી પરત આવતા કાનપર ચોકડી પહોંચતા એક ફોર વ્હીલ ગાડીએ ટક્કર મારતા હું અને રાજલ બંને હવામા ફંગોળાઈ ગયેલા. આ બનાવમા મને માથામાં પાછળના ભાગે તથા શરીરના અન્ય ભાગે વાગેલ જ્યારે રાજલને કપાળ, મોઢાના ભાગે, પગના ભાગે તથા શરીરના અન્ય ભાગે ઈજા થયેલ હોય ૧૦૮ મારફતે થાનગઢ સરકારી દવાખાને અને ત્યાંથી વધુ સારવાર માટે સી.યુ.શાહ હોસ્પિટલ સુરેન્દ્રનગર લઈ ગયેલા જ્યાં મારી દીકરીને માથાના ભાગે તથા ઢીંચણના નીચેના ભાગે ફ્રેક્ચર તથા મને ગાદીના ભાગે ફ્રેક્ચર તથા માથાના પાછળના ભાગે ઈજા થયેલ. જેથી મારી પત્નીએ આ અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ફરીયાદ નોધાવેલી. આ અકસ્માત કરનાર વાહન કયું હતુ અને તેનો

નંબર શું હતો અને તેના ચાલક કોણ હતુ તેની મને ખબર નથી. આ સાહેદને વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા જાહેર કરી અદાલતની પરવાનગીથી ઉલટ તપાસ કરેલ છે તેમ છતા સાહેદે ફરીયાદ હકીકતને સમર્થન આપેલ નથી. **સદર સાહેદની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે.** જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે અકસ્માત કરનાર વાહન કયું હતુ , તેનો નંબર શું હતો તથા તેના ચાલક કોણ હતા તેની મને ખબર નથી.

<u>(૯.૩)</u> આ કામે ફરિયાદપક્ષે કેસની હકીકત સાબિત કરવા માટે **સાહેદ રાજલબેન ગોરધનભાઈ ચાવડાને આંક–૦૭ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ પુરાવો આપતા જણાવે છે કે, બનાવ આજથી એક વર્ષ અગાઉ બનેલ. બનાવના દિવસે મને તાવ આવતો હોય મારા પિતા મો.સા.લઈ મને થાનગઢ સરકારી હોસ્પિટલ લઈ ગયેલ અને ત્યાંથી પરત આવતા કાનપર ચોકડી પહોંચતા એક ફોર વ્હીલ ગાડીએ ટક્કર મારતા હું અને મારા પિતા બંને હવામા ફંગોળાઈ ગયેલા. આ બનાવમા મારા પિતાને માથામા પાછળના ભાગે તથા શરીરના અન્ય ભાગે વાગેલ જ્યારે મને કપાળ, મોઢાના ભાગે, પગના ભાગે તથા શરીરના અન્ય ભાગે ઈજા થયેલ હોય ૧૦૮ મારફતે થાનગઢ સરકારી દવાખાને અને ત્યાંથી વધુ સારવાર માટે સી.યુ.શાહ હોસ્પિટલ સુરેન્દ્રનગર લઈ ગયેલા જ્યાં મને માથાના ભાગે તથા ઢીંચણના નીચેના ભાગે ફ્રેક્ચર તથા મારા પિતાને ગાદીના ભાગે ફ્રેક્ચર તથા માથાના પાછળના ભાગે ઈજા થયેલ. જેથી મારી મમ્મીએ આ અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ફરીયાદ નોધાવેલી. આ અકસ્માત કરનાર વાહન કયું હતુ અને તેનો નંબર શુ હતો અને તેના ચાલક કોણ હતુ તેની મને ખબર નથી. આ સાહેદને વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા જાહેર કરી અદાલતની પરવાનગીથી ઉલટ તપાસ કરેલ છે તેમ છતા સાહેદે ફરીયાદ હકીકતને સમર્થન આપેલ નથી. **સદર સાહેદની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ છે.** જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે અકસ્માત કરનાર વાહન કયું હતુ , તેનો નંબર શું હતો તથા તેના ચાલક કોણ હતા તેની મને ખબર નથી.

**(૧૦)** ક્રિમિનલ જયુરીસ્પ્રુડન્સનો સિધ્ધાંત છે કે, પુરાવાનો બોજો હંમેશા ફરિયાદ પક્ષ ઉપર હોય છે એટલે કે, ફરિયાદ પક્ષે પોતાની ફરિયાદ મુજબનો આક્ષેપ નિ:શંકપણે આરોપી વિરૂધ્ધ પુરવાર કરવાનો હોય છે. ત્યારે તેમજ નામદાર સુપ્રીમ કોર્ટના એક ચુકાદાને વંચાણે લઈએ તો, નામદાર સુપ્રીમ કોર્ટના **"સ્ટેટ ઓફ કર્ણાટક વિ. સતિષ" ૨૦૦૦(૧) ટ્રાન્સપોર્ટ એન્ડ એકસીડન્ટ કેસીસ (ટી એ સી ) પાના નં.૪૦૮ તથા ૧૯૯૮(૮) એસ.સી.સી. પાના નં.૪૯૩** ના કામના ચુકાદાના મહત્વની પેરાની વિગત **Ramesh s/o Manohar Sangidwar V/S State of Maharastra Reported in Crimes 2006** (1) page 486 માં પણ રીફર થયેલ છે તેના હાર્દ મુજબ....

''Merely because the truck was being drain at a ‘high speed’ does not be spark of either ‘negligence’ or rashness by itself. None of the witnesses examined by the prosecution could given any indication even approximately, as to what they meant by ‘high speed’, ‘High speed’ is a relative term, it was for the prosecution to bring on record material to establish as to what it meant by ‘High Speed’ in the facts and circumstances of the case. In a criminal trial, the burden of proving every thing essential to the establishment of charge against an accused always rests on the prosecution and there is a presumption of innocence in the favor of he accused until the contrary is proved, criminality is not to be presumed subject of course to some statutory exception. There is no such statutory exception pleaded in the present case, in the absence of any material on the record no presumption of the rashness or ‘negligence’ could be drawn by invoking the maxim ‘**Res ipsa Loquitur**’. તેમજ નામદાર ઓરિસ્સા વડી અદાલતે **"બદ્રીપ્રસાદ તિવારી વિરૂધ્ધ સ્ટેટ" ૧૯૯૪ ક્રિ.લો. જ પેજ નં.૩૮૯** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત સાથે હાલનાં કેસમાં કરવામાં આવેલ આક્ષેપ તથા રજૂ કરવામાં આવેલ પુરાવાઓ ધ્યાને લઈએ તો, સાહેદોના પુરાવા જોતા મહત્વના સાહેદો હીયર્સે વીટનેસ સાહેદો છે. હાલના કામે ઈજા પામનાર સાહેદો સિવાય કોઈ જ સાહેદ બનાવ નજરે જોનાર સાહેદ નથી. ફરિયાદી તથા સાહેદોએ પુરાવાથી

ફરિયાદની સદર કામના ઈજા પામનાર ભોગ બનનાર સાહેદોએ તેમના મો.સા. ને એક ફોરવ્હીલ ગાડીએ ટકકર મારતા અકસ્માત થયેલો હોવાની અકસ્માતની હકીકતોને તથા અકસ્માતમાં સાહેદોને ગંભીર ઈજા થયેલી હોવાની હકીકતોને સમર્થન આપેલ છે, પરંતુ સાહેદ ઉલટ તપાસમાં એ વાત ખરી છે કે, તેમને જે વાહન ભટકાયેલ તે કયાં પ્રકારનું ફોરવ્હીલ હતુ અને તેનો નંબર શું હતો, તેના ચાલક કોણ હતા તેની તેમને ખબર નથી. " તેવી હકીકત સ્વીકારી છે. જયારે અન્ય બીજા સાહેદએ બનાવ નજરે જોયેલ ન હોય બનાવની કોઈ જાત માહિતી નથી. અન્ય બીજા સાહેદએ અકસ્માત કરનાર વાહનનો નંબર જણાવેલ નથી કે તેના ચાલકને ઓળખી બતાવતા નથી કે તેની નેગ્લીજન્સીના કારણે હાલનો અકસ્માત થયો હતો તેવો પણ ચોકકસ કોઇ પુરાવો રજૂ કરતા નથી. ત્યારે સાહેદના પુરાવાથી પણ ચોકકસ હાલના આરોપીએ જ ફરિયાદ હકીકત મુજબનો હાલનો ગુન્હો આચરેલ હોવાની હકીકતને કોઈ સ્પષ્ટ સમર્થન મળતુ નથી કે જેથી સાહેદનો પુરાવો ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી શકાય. આમ, સદર કામના ફરિયાદ પક્ષે તપાસેલા સાહેદોના પુરાવાથી અકસ્માત ગુન્હાના આવશ્યક તત્વો શંકાથી પર રહી પુરવાર થતા થતાં નથી કે આરોપીને નેગ્લીજન્સી બાબતે કોઈ ચોકકસ હકીકત નીકળી આવતી નથી ત્યારે સાહેદનો પુરાવો ફરિયાદ પક્ષને મદદરૂપ થતો નથી. આમ, ફરિયાદપક્ષનાં ઉપરોકત મહત્વના સાહેદોના પુરાવાથી અકસ્માતની હકીકતને સમર્થન મળે છે, પરંતુ ફરિયાદી કે સાહેદો અકસ્માત કરનાર વાહનનો નંબર જણાવતા નથી કે તેના ચાલક હાલનો આરોપી હતો તેવી આરોપીની ઓળખ સંબંધી સ્પષ્ટ પુરાવો રજૂ કરતા નથી તેમજ અકસ્માત સબબની આરોપીની નેગ્લીજન્સી બાબતે પણ કોઈ સ્પષ્ટ પુરાવો રજૂ કરતા નથી. આમ, ફરિયાદી તથા સાહેદોના પુરાવાથી અકસ્માત ગુન્હા સંબંધેના આવશ્યક તત્વો શંકાથી પર રહી પુરવાર થતાં નથી કે જેથી હાલના આરોપીએ જ તેના કબજાનું વાહન પૂરઝડપે અને ગફલતભરી હંકારી સાહેદો સાથે અથડાવી અકસ્માત કરેલો હોય અને તેમાં ઈજા થયેલી હોય તે હકીકત નિ:શંક પુરવાર થયેલી માની આરોપીને હાલના ગુન્હા સાથે સાંકળી દોષિત ઠરાવી શિક્ષા કરવી ન્યાયોચિત જણાતુ નથી. હવે પ્રસ્તુત કામે ફરિયાદપક્ષના

આક્ષેપિત આરોપ બાબતે લગાવવામાં આવેલ કલમો અન્વયેના ગુન્હાઓ સબબની જોગવાઇઓ વંચાણે લઇએ તો, :-

**S.279 : <u>Rash driving or riding on a public way</u>** :

Whoever drives any vehicle, or rides, on any public way in a manner so rash or negligent as to endanger hauman life, or to be likely to cause hurt or injury to any other person, shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine which may extend to on thousand rupees, or with both.

**<u>Ingredients</u>**

(1) To drive any vehicle, or rides on any public way

(2) To drive or rides vehicle rash or negligently,

(3) As endanger human life, or likely to cause hurt or injury to any person.

**S.337 :- <u>Causing hurt by act endangering life or personal safety of others</u>**.

Whoever causes hurt to any person by doing any act so rashly or negligently as to endanger human life, or the personal safety of others shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine which may extend to five hundred rupees, or with both.

**<u>Ingrediants</u>**

(1) The accused has cause hurt to any person by doing any act so rashly or negligently.

(2) Such act is such that it endanger human life, or the personal safety of others

**S.338 :- <u>Causing grevious hurt by act endangering life or personal safety of others</u>.**

Whoever causes grivious hurt to any person by doing any act so rashly or negligently as to endanger human life, or the personal safety of others shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine which may extend to five hundred rupees, or with both.

**<u>Ingrediants</u>**

(1) The accused has grivious cause hurt to any person by doing any act so rashly or negligently.

(2) Such act is such that it endanger human life, or the personal safety of others.

આમ, ઉપરોકત જોગવાઈ વંચાણે લેતાં તેમજ આ કામે ફરિયાદ પક્ષે રજૂ રાખેલ પુરાવાઓ ધ્યાને લેતાં આ કામે બનાવ જે સ્થળે બનેલ છે તે સ્થળે આરોપી સામે પૂરઝડપે અને ગફલતભરી રીતે વાહન હંકારીને **સાહેદ ગોરધનભાઈ ગાંડુભાઈ ચાવડા તથા રાજલબેન ગોરધનભાઈ ચાવડા**ની સાથે અથડાવી ઈજાઓ પહોંચાડેલ હોવાનો આક્ષેપ છે ત્યારે ફરિયાદપક્ષે એ બાબત નિ:શંકપણે પુરવાર કરવી રહી કે આરોપી દ્વારા પોતાના કબજાનું વાહન બનાવ સમયે પૂરઝડપે હંકારેલ અને તેની તેવી વાહન બેદરકારીભરી રીતે હંકારવાના કારણે હાલનો અકસ્માત થયેલ. આ બાબતે **નામદાર ઓરિસ્સા વડી અદાલતે " બદ્રીપ્રસાદ તિવારી વિરૂધ્ધ સ્ટેટ " ૧૯૯૪ ક્રિ.લો.જ. પાન નં.૩૮૯ માં** ઠરાવેલ સિધ્ધાંતોને ધ્યાને લઈએ તો પણ આરોપી વિરૂધ્ધનો આક્ષેપિત ગુન્હો ફરિયાદપક્ષના પુરાવાથી નિ:શંક પુરવાર થતો નથી.

**(૧૧)** હવે એમ.વી. એકટની કલમ–૧૭૭ તથા કલમ–૧૮૪ની જોગવાઇ તેમજ તેના આવશ્યક તત્વો સાથે સદરહુ કાયદાની કલમ–૨૦૯ સાથે ધ્યાને લેવી જરૂરી બની જાય છે. તેમાં કલોઝ(એ) થી (સી) મુજબની જોગવાઈનું પાલન કરેલ ન હોય તો કલમ–૧૮૪ હેઠળ વ્યકિત સામે કેસ ચલાવી શકાશે નહીં તેવું જણાવેલ છે. જેમાં કલોઝ(બી) જોવામાં આવે તો ગુન્હો બન્યાના ૧૪ દિવસમાં તે ગુન્હો કયાં, કેવી રીતે, કયારે બનેલ છે તે અંગે વાહનના રજીસ્ટર માલિકને રજીસ્ટર પોસ્ટ દ્વારા નોટિસ મોકલીવી આવશ્યક છે. હાલના ગુન્હામાં અકસ્માતમાં સંડોવાયેલ વાહનની માલિકી સંબંધે અકસ્માત કરનાર વાહનની આર.સી. બુકની નકલ રજૂ થયેલ નથી. આમ, આરોપીની માલિકીનું હોવાનું મળી આવતુ નથી તેમજ ફરિયાદપક્ષના કોઇ સાહેદોના પુરાવાથી આરોપીની ઓળખ પ્રસ્થાપિત થયેલી નથી કે રેકર્ડ ઉપર આરોપીની ઓળખ પરેડનું કોઈ પંચનામું પણ નથી. કોઈ બનાવ નજરે જોનાર સાહેદોએ પણ આરોપીની ઓળખ બાબતે નિ:શંક પુરાવો આપેલો નથી. ત્યારે બનાવ સમયે સદર વાહન હાલના આરોપીના કબજામાં હતુ તે હકીકત પણ નિ:શંક પુરવાર થતી નથી તેમજ ફરિયાદપક્ષ દ્વારા આરોપીને કે તેવા અકસ્માતમાં સંડોવાયેલા વાહનના માલિકને કલમ–૨૦૯ ના કલોઝ(બી) મુજબની નોટિસ આપેલ હોય તેવું કોઇ કથન કરેલ નથી કે તે બાબતે કોઈ પુરાવો પણ રજૂ કરેલ નથી.

હવે પ્રસ્તુત કામે ફરિયાદપક્ષે કુલ ૦૩ સાહેદો તપાસેલ છે. જે પૈકી સાહેદ ગોરધનભાઈ ગાંડુભાઈ ચાવડા તથા સાહેદ રાજલબેન ગોરધનભાઈ ચાવડા કે જેઓ આ બનાવમાં ભોગ બનાર એટલે કે ઈજા પામનાર છે તે સિવાય અન્ય કોઈપણ સાહેદ હાલનાં કામે બનાવ નજરે જોનાર સાહેદ નથી. ત્યારે માત્રને માત્ર સાહેદોની જુબાનીના આધારે સ્પષ્ટ થશે કે કેમ. આ બનાવ કેવી રીતે, કોના દ્વારા બન્યો હતો. ત્યારે સાહેદોની જુબાની જોવામાં આવે તો તેઓ બનાવ સમયે તેમનું મો.સા. લઈ નીકળેલ અને કાનપર ચોકડી પહોંચતા એક ફોરવ્હીલ ગાડીએ તેમના મો.સા.ને ટકકર મારતા તેમને ઈજાઓ થયેલી. ઈજાની સારવાર તેમણે થાન તથા સુરેન્દ્રનગર હોસ્પિટલમાં લીધેલી. <u>તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં એ વિગત બતાવતા નથી કે</u>

<u>તેઓને અકસ્માત કરનાર ફોરવ્હીલ વાહન કંઇ કંપનીનું હતું, તેનો નંબર શું હતો, તેના ચાલક કોણ હતા.</u> આમ, જયારે ફરિયાદપક્ષે તપાસેલ ૦૩ સાહેદો પૈકી સાહેદો જે ઈજા પામનાર તથા નજરે જોનાર છે. તેઓએ જ બનાવને ફરિયાદમાના આક્ષેપ મુજબ આરોપી દ્વારા જ કહેવાતો બનાવને અંજામ આપેલ છે તેવું પોતાની સોગંદ પરની સરતપાસમાં જણાવતા નથી અને ઉલટ તપાસમાં કબૂલેલ છે કે તેમને જે વાહન ભટકાયેલ તે કયાં પ્રકારનું ફોરવ્હીલ હતુ અને તેનો નંબર શું હતો, તેના ચાલક કોણ હતા તેની તેમને ખબર નથી. આમ, હાલના કામે ઈજા પામનાર ભોગ બનનાર સાહેદો કોના દ્વારા એટલે કે આરોપી દ્વારા જ બન્યો હોય તે બાબત જણાવતા નથી તેમજ ફરિયાદપક્ષે તપાસેલ અન્ય કોઈ સાહેદ પણ બનાવ નજરે જોયેલ સાહેદ નથી ત્યારે કહેવાતો બનાવ આરોપીની બેદરકારી, નિષ્કાળજી કે પૂરઝડપથી વાહન હંકારવાને કારણે બન્યો છે તેવું પુરવાર થતું નથી. આમ, જયારે હાલના આરોપીએ અકસ્માત કરેલ હોવાની હકીકત જ પુરવાર થતી ન હોય કહેવાતો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ હોય તે હકીકત પણ પુરવાર થતી નથી.

(૧૨) આમ, ફરિયાદપક્ષે રજૂ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા બનાવ સમયે, બનાવ તારીખે અને બનાવ સ્થળે હાલના આરોપીએ સાહેદ ગોરધનભાઈ તથા રાજલબેન નાઓના મો.સા. રજી. નંબર GJ-13-BH-9452 વાળામાં થાનગઢથી સોનગઢ ગામે આવતા હતા તે દરમ્યાન કાનપર ગામના બોર્ડ પાસે રોડ ઉપર આ કામના આરોપીએ પોતાના કબજા હવાલા વાળી બોલેરો પીકઅપ ગાડી રજી. નંબર GJ-13-CE-6969 વાળી પુરઝડપે અને ગફલતભરી રીતે પોતાની તથા બીજાની જિંદગી જોખમાય તે રીતે ચલાવી સાહેદ ગોરધનભાઇના મો.સા. રજી. નંબર GJ-13-BH-9452 સાથે અકસ્માત કરી સાહેદ ગોરધનભાઈ તથા રાજલબેનને શરીરે ગંભીર તથા નાની મોટી ઈજા કરી હાલનો ગુન્હો કરેલો હોય તેવી હકીકત સાહેદોના પુરાવાથી નિ:શંક રીતે પુરવાર થઇ શકેલ ન હોઈ આરોપીને તેઓની વિરૂધ્ધના ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય તેમ ના હોય મુદ્દા

નં.૧ નો જવાબ " નકારમાં" આપી મુદ્દા નં.૨ માટે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>:: આખરી હુકમ ::</u>**

(૧) આ કામના આરોપી **યુવરાજસિંહ જીલુભા વાળા, ઉ.વ.૩૬,** રહે. સોનગઢ, તા.થાનગઢ, જિ. સુરેન્દ્રનગર નાઓને બી.એન.એસ.ની કલમ–૨૭૮(૧) અન્વયે **બી.એન.એસ. કલમ–૨૮૧,૧૨૫(એ)(બી) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪** મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ બી.એન.એસ.ની કલમ–૪૮૧ મુજબ જામીન આપવા અન્યથા આરોપીએ આપેલ અગાઉના જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૪/૦૭/૨૦૨૬ (વિપુલ કાંતિભાઇ વાઘેલા)

થાનગઢ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ

થાનગઢ

**યુનિક કોડ નં.જીજે ૦૧૪૬૫**